HSE

Health and Safety Executive

# આરોગ્ય અને સુરક્ષાને લગતો (હેલ્થ એન્ડ સેફ્ટી)કાયદો

## તમારે શું જાણવું જરૂરી છે

## Gujarati




This is a **Gujarati** language version of leaflet ISBN 978 0 7176 6501 3, published 04/09

આરોગ્ય અને સુરક્ષાના કાયદા વિશે માહિતી આપતા ખિસ્સામાં મૂકી શકાય તેવા કાર્ડનું આ વેબ ઉપર સરળતાથી વાંચી શકાય તેવું સ્વરૂપ છે, પ્રકાશિત 04/09

તમામ કામદારોને તેમના આરોગ્ય અને સુરક્ષા પરનાં જોખમો પર નિયંત્રણ રાખવામાં આવેલું હોય તેવા સ્થળોએ કામ કરવાનો અધિકાર છે. આરોગ્ય અને સુરક્ષા તમને કામ ઉપર ઈજા પામતાં અથવા કામ મારફતે બીમાર પડતાં અટકાવવા વિશે છે. આરોગ્ય અને સુરક્ષા માટે તમારા એમ્પ્લોયર જવાબદાર છે, પરંતુ તમારે તેમાં મદદ કરવી જ જોઈએ.

### એમ્પ્લોયરે તમારા માટે શું કરવું જ જોઈએ

1 તમારા કામમાં તમને શેનાથી નુક્સાન થઈ શકે તેમ છે તે નક્કી કરવું અને તે થતું રોકવાનાં સાવચેતીનાં પગલાં લેવાં. આ જોખમના મૂલ્યાંકન (રિસ્ક અસેસમેન્ટ) એક ભાગ છે.

2 તમે સમજી શકો તેવી રીતે, તે જોખમોને કેવી રીતે નિયંત્રણમાં રાખવામાં આવશે તે તમને સમજાવવું અને તેના માટે કોણ જવાબદાર છે તે તમને કહેવું.

3 કામના સ્થળે દરેક જણનું નુક્સાન થવા સામે રક્ષણ કરવા માટે તમારી સાથે અને તમારા આરોગ્ય અને સુરક્ષાના પ્રતિનિધિની સાથે મંત્રણાઓ કરવી અને સાથે મળીને કામ કરવું.

4 તમારું કામ કરવા માટે તમને જરૂરી આરોગ્ય અને સુરક્ષાને લગતી તાલીમ તમને મફત આપવી.

5 તમને જોઈતાં કોઈ પણ સુરક્ષાત્મક કપડાં અને સાધનો તમને મફત પૂરાં પાડવાં અને તેમનું બરાબર ધ્યાન રાખવામાં આવે છે તેની ખાતરી કરવી.

6 ટોઈલેટો, હાથ ધોવાની સગવડો તેમજ પીવાનું પાણી પૂરાં પાડવાં.

7 યોગ્ય પ્રમાણમાં ફર્સ્ટ એઈડ (પ્રાથમિક સારવાર)ની સુવિધાઓ પૂરી પાડવી.

8 કોઈને કામ પર મોટી ઈજા અથવા જીવલેણ ઈજા થઈ હોય તો તે વિશે અમારા ઈન્સિડેન્ટ કોન્ટેક્ટ સેન્ટરમાં જાણ કરવી: **0345 300 9923**. કોઈ પણ પ્રકારની ઈજાઓ, રોગો અને ખતરનાક બનાવો વિશે અહીં ઓનલાઈન જાણ કરવી **www.hse.gov.uk**.

9 તમને કદાચ કામ પર ઈજા થાય અથવા કામને કારણે તમે બીમાર પડો તો તે માટેનું તમને કવર મળી રહે તેવો ઈન્શ્યોરન્સ રાખવો. હાલના ઈન્શ્યોરન્સ સર્ટિફિકેટની છાપેલી નકલ અથવા ઈલેક્ટ્રોનિક નકલ તમે સહેલાઈથી વાંચી શકો તેવી રીતે રાખવી જોઈએ.

10 કામનું સ્થળ વહેંચીને વાપરતાં હોય અથવા તો કામદારો (એજન્સી વર્કરો) પૂરાં પાડતાં હોય તેવાં કોઈ પણ બીજાં એમ્પ્લોયરો કે કોન્ટ્રાક્ટરો સાથે મળીને કામ કરવું, જેથી દરેક જણના આરોગ્ય અને સુરક્ષાનું રક્ષણ થઈ શકે.

### તમારે શું કરવું જ જોઈએ

1 તમારા એમ્પ્લોયરે તમને કામ કરવા માટે જે કંઈ પણ વસ્તુઓ આપી હોય તે વાપરવાની તમને આપવામાં આવેલી તાલીમનું અનુસરણ કરો.

2 તમારા પોતાના તેમજ બીજાં લોકોના આરોગ્ય અને સુરક્ષાનું વાજબીપણે ધ્યાન રાખો.

3 આરોગ્ય અને સુરક્ષા બાબતે તમારા એમ્પ્લોયરને સહકાર આપો.

4 જો કામથી અથવા અપૂરતાં સાવચેતીનાં પગલાંથી કોઈના પણ આરોગ્ય અને સુરક્ષા પર ગંભીર જોખમ મૂકાતું હોય એવું તમને લાગતું હોય તો તે વિશે કોઈને (તમારા એમ્પ્લોયર, સુપરવાઈઝર અથવા આરોગ્ય અને સુરક્ષાના પ્રતિનિધિ)ને કહો.

## જો કોઈ સમસ્યા હોય તો

1 જો તમારા કામના સ્થળે આરોગ્ય અને સુરક્ષા વિશે તમને ચિંતા હોય, તો તમારા એમ્પ્લોયર, સુપરવાઈઝર અથવા આરોગ્ય અને સુરક્ષાના પ્રતિનિધિ સાથે વાત કરો.
2 કામના સ્થળે આરોગ્ય અને સુરક્ષા વિશે સામાન્ય માહિતી મેળવવા માટે તમે અમારી વેબસાઈટ પણ જોઈ શકો છો.
3 તમારા એમ્પ્લોયર સાથે વાત કર્યા પછી પણ જો તમને ચિંતા હોય, તો તમે આરોગ્ય અને સુરક્ષા માટે તમારી સ્થાનિક અમલીકરણ કરાવતી સત્તા (એન્ફોર્સિંગ ઓથોરિટી)નું સરનામું તેમજ એમ્પ્લોયમેન્ટ મેડિકલ એડવાઈઝરી સર્વિસનું સરનામું એચ.એસ.ઈ.ની આ વેબસાઈટ પરથી મેળવી શકો છો **www.hse.gov.uk**.

## આગથી સુરક્ષા

તમે આગથી સુરક્ષા અંગેની સલાહ ફાયર એન્ડ રેસ્ક્યુ સર્વિસીસ પાસેથી અથવા તમારા કામના સ્થળે ફાયર ઓફિસર પાસેથી મેળવી શકો છો.

## તમારા રોજગારના અધિકારો

તમારા રોજગારના અધિકારો વિશે વધારે માહિતી અહીંથી મેળવો: **www.gov.uk**.

## વધારે માહિતી

આ પત્રિકા www.hse.gov.uk/pubns/books/lawleaflet.htm પરથી મળી શકે છે. આ માહિતી અન્ય સ્વરૂપોમાં ઉપલબ્ધ છે.

© ક્રાઉન કોપીરાઈટ જો તમે આ માહિતીનો ફરીથી ઉપયોગ કરવા માગતાં હો તો વિગતો માટે www.hse.gov.uk/copyright.htm જુઓ. પ્રથમ પ્રકાશન 04/09.